**<u>પ્રેસ જાહેરાત</u>**

સંચાર વિભાગ, ભારતીય રિઝર્વ બૅન્ક
કેન્દ્રીય કાર્યાલય, એસ બી એસ રોડ, વેબ સાઈટ: www.rbi.org.in
મુંબઈ-400001 ઇ-મેઇલ : helpdoc@rbi.org.in
ફોન 91-22 22660502, ફેક્સ 91- 22 22660358

૯ મે, ૨૦૧૭

## <u>ભારત બીલ ચુકવણી પદ્ધતિ (બીબીપીએસ) – સમયમર્યાદામાં વધારો</u>

ભારતીય રિઝર્વ બેન્કે બીબીપીએસ નાં વર્તમાન કાર્યક્ષેત્રમાં બિલીંગ વ્યવસાય કરતી સંસ્થાઓએ અધિકૃત BBPOU નાં એજન્ટ થવું કે બીલ ચુકવણીના વ્યવસાયમાંથી નીકળી જવું, એ માટેની અંતિમ તારીખ ૩૧ મે, ૨૦૧૭ થી વધારીને ૩૧ ડીસેમ્બર, ૨૦૧૭ સુધી લંબાવવા માટે નિર્ણય કર્યો છે. આ સમયમર્યાદા એ સંસ્થાઓને લાગુ પડે છે જેને ;

i. BBPOU તરીકે મુખત્યારી માટે અરજી કરી નથી, અથવા

ii. આર.બી.આઇ દ્વારા જેની BBPOU માટે ની અરજી પરત થયેલ છે.

iii. જેમને આર.બી.આઇ દ્વારા સમય વધારો અપાયેલ હતો પણ ૩૧ ડીસેમ્બર, ૨૦૧૭ સુધી જરૂરી નેટવર્થ હાંસલ કરી શક્યા નથી કે એ અંગે અહેવાલ આપી શક્યા નથી.

૨. આ વધારો , વિવિધ સંસ્થાઓએ દર્શાવેલ સમયમર્યાદાને પહોચી વળવામાં થતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને કરેલ છે.

૩. BBPS નાં કાર્યક્ષેત્ર નાં વિકાસ, વૃદ્ધિ અને વિસ્તાર ને ધ્યાનમાં લઈને BBPOU તરીકે કામગીરી ને બહાલી/સત્તાધિકાર મંજુર કરવા નવી અરજીઓ મંગાવવાની પ્રક્રિયા ભવિષ્યમાં ફરીથી ખુલ્લી મુકવા માટે રિઝર્વ બેંક વિચારણા કરી શકશે.

**<u>પશ્ચાદભૂમિકા</u>**

એ યાદ અપાવીએ કે <u>તા. ૨૮ નવેંબર, ૨૦૧૪ ની BBPS નાં અમલીકરણની માર્ગદર્શિકા</u> મુજબ બી.બી.પી.એસ.ના અવકાશ હેઠળ આવરી લેવામાં આવેલ બિલ ચુકવણીની પ્રવૃત્તિઓમાં જે બેન્કો

અને નોન-બેંક એકમો હાલમાં પ્રતિબદ્ધ છે તેઓ ભારત બીલ ચૂકવણી સંચાલન એકમો (BBPOU) તરીકે અથવા અધિકૃત BBPOU ના એજન્ટ તરીકે BBPS માં ભાગ લઈ શકે છે.

અજિત પ્રસાદ

**પ્રેસ જાહેરાત : ૨૦૧૬ -૨૦૧૭/3031** સહાયક સલાહકાર

| **સંબંધિત પરિપત્ર, એફ.એ.કયુ. અને પ્રેસ જાહેરાત** | |
|---|---|
| 30 ઓગસ્ટ, ૨૦૧૬ | ભારત બીલ ચૂકવણી સંચાલન એકમ (BBPOU) તરીકે કામગીરી કરવા અધિકૃતિ |
| 13 મેં, ૨૦૧૬ | BBPOU ને અધિકૃત કરવા માટેનાં આવેદનપત્ર : સ્થિતિ |
| ૨૪ નવેમ્બર, ૨૦૧૫ | ભારત બીલ ચુકવણી પદ્ધતિ (BBPS) માટે કેન્દ્રીય એકમ તરીકે કાર્ય કરવા, NPCI ને આર.બી.આઈ. દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી |
| 13 નવેમ્બર, ૨૦૧૫ | આર.બી.આઈ એ ભારત બીલ ચૂકવણી પદ્ધતિ સંચાલન એકમોને (BBPOUS) અધિકૃતિ કરવા માટેનાં આવેદન પત્ર પ્રાપ્ત કરવા માટેની અંતિમ તારીખ લંબાવી છે. |
| 13 નવેમ્બર, ૨૦૧૫ | ભારત બીલ ચુકવણી પદ્ધતિ (BBPS)-વારંવાર પુછાતા પ્રશ્નો |
| ૨૦ ઓક્ટોબર, ૨૦૧૫ | આર.બી.આઈ, ભારત બીલ ચૂકવણી સંચાલન એકમો (BBPOUs) ને અધિકૃત કરવા માટેના આવેદનપત્રો મંગાવે છે. |
| ૨૮ નવેમ્બર, ૨૦૧૪ | ભારત બીલ ચુકવણી પદ્ધતિ (BBPS) નું અમલીકરણ. |